।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ-જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુની અનન્યમયી સેવક-સૃષ્ટિ છે. જેને કેવળ શ્રીગોકુલેશ જ દેખાય છે. સર્વરૂપે શ્રીગોકુલેશ. શ્રીગુરુરૂપે, આચાર્યરૂપે, શ્રીઠાકોરરૂપે. જેની પ્રતિતિ આપણને આપશ્રીના ભક્ત-કવિ સેવક-વૈષ્ણવો દ્વારા રચિત અનેક ધોલ-પદ દ્વારા સમજી શકીએ છીએ. આઓ, આપણે એવા ભક્ત-કવિઓના વિશે થોડીક જાણકારી મેળવીએ. આજે પણ ૪૫૦ વર્ષ પછી શ્રીગોકુલેશનું નામ એટલુંજ ઉજાગર છે, જેટલુ આપશ્રીના ભૂતલપર સાક્ષાત્ બીરાજમાન સમયમાં હતું. કારણ એવા ભક્ત-કવિશ્રીઓ દ્વારા રચિત શ્રીગોકુલેશપ્રભુ વિશે ગુણગાન (ધોલ-પદ) દ્વારા આપણને કૃપામાર્ગ સાર્થક કરે છે. આજે આપણે **મઠપતિ શ્રીકલ્યાણ ભટ્ટજી** વિશે જાણવાનો પ્રયત્ન કરીએ.

મઠપતિ કલ્યાણ ભટ્ટજી:- જ્યારે શ્રીમહાપ્રભુજીના પિતૃચરણ શ્રીલક્ષ્મણભટ્ટજી દક્ષિણમાંથી ઉત્તર ભારતમાં આવ્યા ત્યારે તેમની જ્ઞાતીજનો એમની સાથે આવ્યા હતાં. તેમાં ત્રણ ગૃહ મુખ્ય હતાં : ૧) શ્રીમહાપ્રભુજી, ૨) ગોવિન્દ ભટ્ટજી (મામા) અને, ૩) ગણેશ ભટ્ટ. તેથી તેઓ ત્રિઘરા નામે ઓળખાય છે. તે પછી શ્રીગુંસાઈજીના સજાતીય ચિંતામણિ ભટ્ટ ઉત્તર ભારતમાં આવ્યા. તેઓ વિદ્વાન અને સાત્વિક હૃદયના હતા. આથી રાણી દુર્ગાવતીએ તેમનું સન્માન કરી એમને કેટલાંક

ગામ દાનમાં આપ્યાં હતાં તથા શ્રીગુંસાઇજીએ પણ આ ચિંતામણિ ભટ્ટની વિદ્વત્તા અને ધર્મ કાર્યમાં પ્રીતિ દેખી પોતાને મળેલાં ૧૦૮ ગામમાંથી કેટલાંક ગામ એમને આપ્યાં હતાં, ત્યઁરથી તેઓ **મઠપતિ** કહેવાતા. વળી શ્રીમહાપ્રભુજીના પરિવારની જેમ આ પરિવાર પણ યજ્ઞાદિ કાર્યોમાં નિષ્ઠાવાળું હોવાથી દીક્ષિત કહેવાતું. આ ચિંતામણિ ભટ્ટ્ વિષે શ્રીસ્વરૂપાનુભવોત્સવના મંગલ ૮૨માંથી ૬૮ થી ૭૫ કડીમાં નીચે પ્રમાણે વર્ણન છે :-

હવે દીક્ષિત જેહ છે તે કહીએ, પ્રભુ કરે આદર સન્માન;
તે ચિંતામણિ ભટ્ટ ઘણું ભલા, પંડિતમાં પરમ નિધાન ।। ૬૮ ।।
સદ્બુદ્ધિ સહિત અહીં અનુસર્યા, જાણ્યા પ્રભુને ઈશ્વર;
તેહ તણા પુત્ર મઠપતિ કહીએ, ભટ્ટ કલ્યાણ થયા અનુવર ।। ૬૯ ।।
મહાપ્રભુ તણી કૃપા થકી એહ, બેઠા રહે આઠે પહોર પ્રભુ પાસે;
ચલાવે પ્રસંગ ભાંતિ ભાંતિના, સુણે શ્રીમુખ વચન વિલાસ ।। ૭૦ ।।
તે સુણે જે ભક્ત તેણે સમે, તેહના મનોરથ થાય સંપન્ન ;
એ ભટ્ટદ્વારા પ્રભુ સિંચન કરે, નિજ ભક્તને થઈ પ્રસન્ન ।। ૭૧ ।।
તેણે કરી તે પ્રભુ કૃપા કરે બહુ, ભટ્ટ કલ્યાણ પર ઘણી ઘણીય;
જેહો દ્વારા રસ સિંચન કરે, વલ્લભ વર આપણો ધણીય ।। ૭૨ ।।
એ મહદ કૃપા થકી ગ્રંથ કર્યો, એક અદ્ભૂત પરમાવધિ;
તે દેવભાષાએ કરીયને, પણ આપણને જીવન રિધિ ।। ૭૩ ।।
શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ, એહવું ગ્રંથનું નામ રસાળ;
એહવો ગ્રંથ ઈચ્છા પ્રભુ તણી થકી, થયો પ્રકટ પરમ કરુણાલ ।। ૭૪ ।।

આ કલ્યાણ ભટ્ટજી દ્વારા રચેલ શ્રીકલ્લોલમાંથી શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુ, શ્રીગુંસાઇજીના જીવનચરિત્રો, માલાતિલક પ્રસંગનો સાતમો કલ્લોલ તથા રસિકરંજની ગીતા જે કલ્લોલનો ભાગ છે તે આજે સ્વતંત્રરૂપે ઉપલબ્દ છે. કલ્લોલના ૪૦ હજાર શ્લોક છે. તેની ભાષા વિષે તો શું કહેવું ? પણ દુર્ભાગ્યે આજે આપણને કલ્લોલજીનો મૂલ સંસ્કૃત ભાષાનો ગ્રંથ પ્રાપ્ત થતો નથી. પણ નિ.લી. ગો.શ્રીરમણલાલજી મહારાજ (મથુરા)ના સેવક લોકનાથ પંડિતજીએ આ કલ્લોલનો વ્રજભાષા અનુવાદ કર્યો છે. તે આજે પ્રાપ્ત થાય છે. આ એજ કલ્યાણ ભટ્ટજી છે, કે

જેમના દ્વારા શ્રીદાદાજીએ આપણે સૌ સેવક-સૃષ્ટિને પુષ્ટિમાર્ગના ગુઢ એવા ૨૪ વચનામૃતો પ્રકટ કર્યા. જેનો આજે આપણે સૌ લાભ લઈ રહ્યા છીએ. કલ્યાણ ભટ્ટજીને એવું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું કે તે શ્રીદાદાજીની સાથે આઠે પહોર રહેતાં અને આપશ્રીના શ્રીમુખે અનેક વચનામૃતોનું શ્રવણ કરતાં. આપશ્રીના સ્વરૂપને ખૂબજ નિકટતાથી નિહાળવાની અમૂલ્ય તક કલ્યાણ ભટ્ટજીને પ્રાપ્ત હતી. તેથી શ્રીદાદાજીના દિવ્ય સ્વરૂપનું સુંદર વર્ણન કલ્લોલ ગ્રંથમાં લખે છે. કલ્યાણ ભટ્ટજીએ શ્રીગોકુલેશ પ્રભુના દિવ્ય સ્વરૂપ વર્ણન કરતાં લખે છે કે *દુનિયામાં શરદનો ચન્દ્ર અત્યંત આલ્હાદક તેજ ફેલાવે છે, પણ તે શરદચન્દ્ર ઉપર વિજય કરનાર **શ્રીગોકુલેશપ્રભુનું** વદન છે, જે વદનની કાંતિ (ઓરા) ચારે બાજું ફેલાય છે તેથી જીવોનો અજ્ઞાનજન્ય અંધકાર દૂર થાય છે.* આ શ્લોકમાં કવિ કહે છે કે ***જીવે પ્રભુ પાસે જવું જોઈએ, પછી પ્રભુ પોતાના દિવ્ય પ્રતાપથી સૌ સંભાળી લેશે.*** વધુંમાં કવિ લખે છે કે જેમ સૂર્યથી જ નિર્મળ કમલ ખીલે છે તેમ શ્રીમહાપ્રભુજીનું ઉત્તમ કુળ તે કમળ છે તેને ખિલવનાર શ્રીગોકુલેશ પ્રભુ માર્તંડ છે. જ્યારે ભગવદીયો છે તે કુમુદ પુષ્પો છે ને શ્રીગોકુલેશપ્રભુ અલૌકિક શરદચન્દ્ર છે.

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

ભાવત્કઃ-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

આજે ઈન્દિરા એકાદશી વ્રતની સાથે ગુરુપુષ્યામૃત યોગ પણ છે. અને આજે દાનનો છેલ્લો દિવસ. તેથી આજે **મહાદાન** કહેવાય છે.

સાથેજ એક આનંદની હેલી. આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વાર પર વર્તમાન બીરાજમાન પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી)ની નિજાશ્રયમાં **જૈ જૈ શ્રીગોકુલેશ અંક** શ્રીરાધાષ્ટમીના દિવસથી પ્રકટ થયેલ છે. જેની આપણા શ્રીગોકુલેશ પાઠશાળાના પાઠકોને હર્ષોલ્લાસ સાથે જણાવી રહ્યા છે.

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

પ્રાકટ્ય-ઉત્સવ

સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુનું પ્રાકટ્ય :-

આપણે આગલા અંકો માં જણાવ્યા પ્રમાણે શ્રીગુંસાઇજીને શ્રીરુક્મિણી વહુજીથી શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી એમ ત્રણ ભગવદ્-આત્મજ પ્રકટ્યા. ત્યાર પછી સં.૧૬૦૭ની વસંતઋતુમાં (જ્યારે શ્રીગુંસાઇજી-સહપરિવાર અડેલમાં બિરાજતા હતાં), શ્રીરુક્મિણીજીએ ગર્ભ ધારણ કર્યો.

પ્રાકટ્ય-સમય :-

એ સમયે શ્રીરુક્મિણીજી, શ્રીશોભાબેટીજી તથા શ્રીગિરિધરજી વગેરે સર્વ પરિવારને અડેલમાં મૂકી શ્રીગુંસાઇજી શ્રીગિરિરાજ પધાર્યા. અત્રે પિતાજીની આજ્ઞા પ્રમાણે શ્રીશોભા ભેટીજી પોતાની માતૃચરણની યોગ્ય સારવાર કરવા લાગ્યાં. પ્રાકટ્ય-દિવસે મધ્યાહ્નથી શ્રીરુક્મિણીજીને ઉદરમાં વ્યથા થવા લાગી અને તેથી શ્રીશોભા બેટીજીએ દુલી ધગરણ નામની દાઇ તથા જોશીને તેડાવ્યાં તથા સમયને અનુસરતાં સર્વ માંગલિક સાહિત્ય તૈયાર કરાવ્યાં. ત્યારે કૃષ્ણાદાસીએ માતા શ્રીરુક્મિણીના ગર્ભ પર હાથ ફેરવીને વિનંતી કરી કે પ્રભુ, અત્યારે કાલ ઠીક નથી. આપ યોગ્ય કાલે પધારજો. અને પછી તરતજ શ્રીરુક્મિણીજીના ઉદરની વ્યથાં શાંત થઇ ગઇ. ત્યાર પછી બીજા દિવસે એટલે *બ્રહ્માના દ્વિતીય પરાર્ધના શ્વેતવરાહ કલ્પમાં વૈવસ્વત મન્વંતરમાં અઠ્ઠાવીશમાં કલિયુતમાં શાકે ૧૪૭૩, વિક્રમાર્ક સંવત ૧૬૦૮ની હેમંતઋતુમાં દક્ષિણાયનના સૂર્ય વખતે માગસર સુદિ ૭ને ગુરુવારના રોજ, રાત્રિ ઘડિ એક તથા છપ્પણ પળે પૂર્વા ભાદ્રપદનક્ષત્રમાં કુંભરાશિના ચન્દ્ર વખતે તથા મિથુન લગ્ન સમયે ભૂતલમાં* ***સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુનું*** *અસધારણ પ્રાકટ્ય થયું.* દાઇએ પ્રાકટ્યની ખબર કહી ત્યારે કૃષ્ણાદાસી સ્વતઃ પ્રેમાવેશમાં બોલી ઊઠી **મેરો ગોકુલનાથ આયોજી.**

સર્વ કલ્યાણનું મૂલ ને કલ્યાણકારક આપજી,
સ્વરૂપ સચ્ચિદાનંદ ભક્ત આરતહરને સંતાપજી. ૩૩

સ્મૃતિ શ્રુતિ સિદ્ધાંત રક્ષક મર્યાદા અવંતસજી,
રક્ષક વેદ પરાયણ મિથ્યાવાદીના મુખધ્વંશજી. ૩૬
અંગ સકલ રંગે ભર્યા રસભર્યા રસદાતા રસજાણજી,
મધુર વચન મુખ ઉચરે રસજાત રસની એ ખાણજી. ૪૩
પરમ દયાલ દયાભર જગત હિતાર્થ રૂપજી,
ભક્તવિરહ ખાતર કરુણામય, કારણ અનૂપજી. ૪૪
થોડેથી ઘણુમાંને ને પોતાનું કીધું ન જાણેજી,
કોટિક અપરાધ જીવના તે મનમાંહે નહિં આણેજી. ૪૫
જગતના ઈશ જગતગુરુ જગતજીવન જગતના ઉદ્ધારજી,
અદ્‌ભુત એ પ્રાકટ્ય હવું એ માંહે કારણનો નહીં પારજી. ૪૮

પ્રાકટ્ય-ઉત્સવ :-

તરતજ વધાઈના માંગલિક વાજિંત્ર વાગવા લાગ્યાં અને પિતાજીની આજ્ઞા પ્રમાણે શ્રીશોભા બેટીજીએ હાથમાં કંચન-થાળ લઇ, બાળકને મોતીથી વધાવી મંગલ આરતી કરી.

નાર-છેદન :-

આખા નગરમાં સર્વત્ર આનંદ થઇ રહ્યો. ભક્તજન સિવાય માગણ, બંદીજન, ગંધર્વ વગેરે અનેક લોકો આવી બાલકનો જશ ગાવા લાગ્યા તથા બ્રાહ્મણોએ આવી કુંકુમ અક્ષત વગેરે વેદના મંત્રોચ્ચાર સાથે વિધિ પ્રમાણે આશીર્વાદ આપ્યા. નાળ વધેરીને બાલકને આચાર કર્યા અને પછી ઉબટના તથા અરગજા સાથે કેસરસ્નાન કરાવ્યું. એ વખતે બ્રાહ્મણોએ વેદોચ્ચાર કર્યો તથા સ્ત્રીઓએ મંગલગાન ગાયાં. પછી શ્રીરુક્મિણીજીએ જમણું સ્તન દૂધથી ધોઇ બાલાકના શ્રીમુખમાં મૂક્યું. સ્તનપાન કરાવી બાળકને પોઢાડ્યા.

શ્રીગુંસાઇજીને વધાઇ મોકલી :-

ત્યાર પછી શ્રીગુંસાઇજીને ખબર કરવા એક વધૈયાને વધાઇ-પત્ર સાથે મોકલ્યો. વધાઇ-પત્ર પર કુંકુમના છાંટા નાખી વધૈયાના હાથમાં આપ્યો અને શ્રીગુંસાઇજીને એ પત્ર આપી એ વધાઇ માંગવા સુચવ્યું. ત્યાર પછી દુલીદાઇનું વસ્ત્રાભૂષણ વગેરેથી સારું સન્માન કરી, પાલખીમાં બેસાડી ઘેર પહોંચાડી.

મોટાલુનો ઉત્સવ :-

જન્મથી બીજે દિવસે મોટાલુનો ઉત્સવ આવ્યો. એ દિવસે રિવાજ મુજબ ગોળ તથા ચણાનો ભોગ સમર્પી ન્યાતમાં સર્વે ઘેર વહેંચ્યો. બાલકને આરતી ઉતારી, અક્ષત વારી આશિષ દીધી. વળી બાલકના રક્ષણ માટે વાત્સલ્ય-ભાવથી સોના, રૂપા, ત્રાબા તથા લોઢાની કડીઓની એક કડધની કરી કેડે પહેરાવી તથા પગમાં એવીજ લોઢાની કડીઓ પહેરાવી. હજું પણ આ ઉત્સવ શ્રીમહાપ્રભુજીના પરિવારમાં પ્રચલ્લિત છે.

છઠ્ઠી :-

પછી માગસર સુદી ૧૨ને બુધવારે છઠ્ઠીનો ઉત્સવ આવ્યો. એ દિવસે ચોખા અને હળદર પીસીને ભીંતે છઠ્ઠી લખી તથા વિધિ પ્રમાણે ઘી, દીવા, વસ્ત્ર વગેરે ત્યાં ગોઠવ્યું. પછી બ્રાહ્મણોને બોલાવી પરિવાર તથા જ્ઞાતિજન સમક્ષમાં શાસ્ત્ર તથા દેશાચાર પ્રમાણે પૂજા કરી. એ દિવસે દૂધ પૂરીનો ભોગ ધરાવી ઘેર આવેલાં સર્વ મનુષ્યોને પ્રસાદ લેવડાવ્યો તથા જે ભક્તજન એમને ઘેરથી થાળમાં છઠ્ઠીનો સાજ લઇ આવ્યાં હતાં તેમનું પ્રસાદી બ ડાં વગેરે આપી સન્માન કર્યું.

વરહિનો ઉત્સવ :-

ત્યાર પછી પોષ વદી ૨ ને સોમવાર વરહિનો દિવસ આવ્યો પણ નાહ્વાને માટે સોમવાર સારો નહીં હોવાથી આગલે દિવસે સર્વ ક્રિયા કરી મૂકી. વધઅઇનાં વાજિંત્ર દસ દિવસ સૂધી ચાલુ હતાં. એ દિવસે શ્રીરુક્મિણીજીને સ્નાન કરાવવામાં આવ્યું તથા વસ્ત્ર વગેરે બદલવામાં આવ્યાં. નાહ્યાં પછી શ્રીરુક્મિણીજી દૂધ વગેરેથી ઉમરાની પૂજા કરી ઘરમાં આવ્યાં ને ત્યાં ભીંતે કુંકુમના હાથા દીધા. પછી ચોક ઉપર ખીચડીનો ઢગલો કરી એની ઉપર ટકો, હળદર તથા સોપારી મૂક્યાં. પીંડરુ દેવને ભોગ ધરી ગોરાણીને પ્રસાદ લેવડાવ્યો.

આભરણ-મુહૂર્ત :-

જાતકર્મ તથા નામકર્મની ક્રિયાઓ શ્રીગુંસાઇજી માટે બાકી રાખી, પણ પ્રથમ માસમાં આભરણનું મુહૂર્ત આવ્યું એ દિવસે પરિવાર તથા નાતના રિવાજ મુજબ પ્રથમ મોટી બહેન શ્રીશોભાજીએ સુંદર કોડીથી મઢેલો કંઠલો લઇ શ્રીદાદાજીને શ્રીકંઠે પહેરાવ્યો તથા એક જડેલું બંદનું બાંધ્યું. ત્યારપછી હાંસડી, સાંકળી, સાંકળાં, કંદોરો, નૂપુર, વગેરે ઘરેણાં તથાં સુંદર વસ્ત્રની ટોપી, સૂંથન તથા ઝભલું પહેરાવ્યાં. આ ઉપરાંત પરિવારજન તથા ભક્તજન ભાવપૂર્વક શ્રીદાદાજીના

વિનિયોગ અર્થે અનેક વસ્ત્રાભૂષણ લાવ્યાં હતાં, વળી વસ્ત્રાભૂષણ સાથે એઓ કુલના રિવાજ મુજબ નવનીત લાવતાં ને એ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખમાં સ્નેહથી મૂકતાં.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

હવે શ્રીમહાપ્રભુજીના ૧૦૮ (એકસો આઠ) નામોનું અલૌકિક આનંદમયત્વ કહે છે. કે બધે ઠેકાણે જ્યાં નામોનું પ્રાકટ્ય કહ્યું છે ત્યાં મંત્ર, ઋષિ, છંદ, દેવતા આ હોય છે. તો શ્રીમહાપ્રભુજીના નામ છે તે અલૌકિક આનંદમય છે. તેથિ એમના પ્રગટ કરવાવાળા ઋષિનું નિરૂપણ કેવું હશે ?

ऋषिरग्निकुमारस्तु नाम्नां छन्दो जगत्यसौ ।।

श्रीकृष्णास्यं देवता च बीजं कारुणिकः प्रभुः ।। ५ ।।

ભાવાર્થ :- મન્ત્રરૂપ આ અષ્ટોત્તરશત નામોના ભૂતલ ઉપર મન્ત્રદષ્ટા ઋષિ તો અગ્નિકુમાર શ્રીપ્રભુચરણ છે, છંદ તો પદ્યમાં પ્રયુક્ત (અનુષ્ટુપ) છંદ, દેવતા શ્રીગોકુલેશનું મુખારવિંદ અને બીજ મહાકારૂણિક પ્રભુ છે. ।। ૫ ।।

રાગ: આસાવરી

ઋષિમેં ઋષિરાજ શ્રીમદ્ અગ્નિકુમાર ।।
આનન્દમય નખસિખપર લેહેં - વારૌં કોટિક માર ।। ૧ ।।
નામ્નાં છન્દો જગત્યસૌ સો મન વચ ક્રમ નિરધાર ।।
શ્રીકૃષ્ણાસ્ય દેવતા શ્રીમદ્ ધૃત દ્વિજ - અવતાર ।। ૨ ।।
કરુણા બીજ પ્રભુ પ્રમેયબલ કિયો જગત ઉદ્ધાર ।।
ષટગુન પૂરન શ્રીવલ્લભકે અગનિત ગુન **ગોવિન્દ** અપાર ।। ૩ ।।

સહસ્રનામ વગેરેના દ્દષ્ટા પણ ઋષિ હોવાથી આ ૧૦૮ નામના દ્દષ્ટા પણ તેમની સમાન હશે, એવી શંકા દૂર કરવા અહિં **તો** શબ્દ યોજેલ છે. તેથી બીજા ઋષિઓ કરતાં આ નામના દ્દષ્ટા અલૌકિક હોવાનું જણાવેલ છે. બીજા ઋષિઓ ઋષિઓની ગણનામાં પ્રસિદ્ધ હોવાથી, અને તેમણે જોએલ (પ્રાપ્ત કરેલ) સહસ્રનામ વગેરે મંત્રો પણ વેદ અને પુરાણમાં હોવાથી નવા જોએલ નહીં હોવાથી, તે ઋષિઓ અલૌકિક નથી. ચાલુ વિષયમાં તો આચાર્યશ્રીના ૧૦૮ નામો વેદ અને પુરાણમાં પ્રસિદ્ધ નહીં હોવાથી કોઇએ જાણેલા ન હોવાથી, આને જાણનાર ઋષિ બીજા બધા ઋષિઓથી ઉત્તમ છે. એટલે શ્રીગુંસાઇજી ઉત્તમ છે. તેથી આ ઋષિને અગ્નિકુમાર કહેલા છે. આવું કહેવાનો આશય એવો છે કે આ અગ્નિકુમાર સિવાયના ઋષિઓ વેદ અને પુરાણમાં કહેલા નામોના દ્દષ્ટા છે, તેથી તે શુદ્ધ મર્યાદામાર્ગના છે, તેમ અહીં પણ **ऋषि** ઋષિ હોવા છતાં અગ્નિકુમાર કહ્યાં તેથી શુદ્ધ પુષ્ટિમાર્ગના હોવાનું કહેલું છે. તેથી જેમ વ્રતનું વરદાન કરવાનો આરંભ કહેતાં *હે મોટા ભાગ્યવાળી કાત્યાયનિ...*એ સર્વ વેદ તથા પુરાણમાં અપ્રસિદ્ધ હોવાથી સર્વે (કોઇએ) નહીં જાણેલો મંત્ર તેમાં જણાવેલ દેવતા સહિત તેમણે જ જાણ્યો અને બીજાઓએ જાણ્યો ન હતો, તેમ આ પણ શ્રીઆચાર્યજીનાં નામો વેદ અને પુરાણમાં અપ્રસિદ્ધ હોવાથી બીજાઓએ જાણેલાં નહીં અને આ નામો શ્રીઅગ્નિકુમાર શ્રીગુંસાઇજીએ પ્રકટ કર્યો. જેમ અગ્નિકુમારે જ પ્રકટ કરેલાં મંત્રથી કરેલી પૂજા ક્રમે ક્રમે મધ્યમ ફલ અને ઉત્તમ ફલ પ્રાપ્ત કરાવનારી થઇ, તેમ આમણે પ્રકટ કરેલા નામોના પાઠથી ક્રમે ક્રમે આ માર્ગનાં કહેલાં મધ્યમ અને ઉત્તમ ફલ પ્રાપ્ત થશે એમ જણાવેલું છે, અથવા પોતાની અંદર અગ્નિકુમારપણાંથી સૂચવેલો અર્થ છૂપો રાખવા, આચાર્યશ્રી અગ્નિ તરીકે પ્રસિદ્ધ હોવાથી અને શ્રીગુંસાઇજી શ્રીમહાપ્રભુજીના આત્મજ હોવાથી, પોતે અગ્નિકુમાર હોવાનું કહેલું છે, એવો અર્થ છે.

ઋષિ જણાવીને હવે નામોને **जगत्य** જગતમાં પ્રસિદ્ધ **छन्द** છંદ છે, શબ્દોથી છંદ કહે છે. નામોનો એટલે એક હજાર નામો, ૧૦૮ નામોનો જે છંદ જગતમાં પ્રસિદ્ધ છે તે અહીં સર્વોત્તમસ્તોત્રનો પણ છંદ છે, એવો અર્થ છે. શ્રીગુંસાઇજી છંદ ને કહીને હવે **श्रीकृष्णास्यं देवता** શ્રીકૃષ્ણનું મુખ દેવતા છે, એ શબ્દો વડે દેવતા કહે છે. અહીં શ્રીકૃષ્ણ શબ્દ કહ્યો તેથી ભક્તો સાથે હોવાનું કહેલું હોવાથી, લીલાના રસના આવેશવાળા (શ્રીકૃષ્ણ) કહેલા છે. તેમનું મુખ કહ્યું, તેથી આ માર્ગના અલૌકિક આધિદૈવિક આનંદમય અગ્નિરૂપ કહેલા છે. તેમને દેવતા કહ્યા, એટલે આ સ્તોત્રના અધિષ્ઠાતા (શ્રીમહાપ્રભુજી) અને આ સ્તોત્રનું જે ફલ કહેલું છે તે આપનારા જણાવ્યા છે.

માત્ર ફલ આપનારા જ નહીં, પરંતુ પોતે પણ આ ફલના ભોક્તા પણ છે. તેથી એ બન્નેનો સમુચ્ચય (સરવાળો) થાય તે માટે **च** અને શબ્દ યોજેલો છે.

<u>શંકા</u> :- આપે કહ્યું તે સમજાય, પણ એક શંકા થાય છે કે બ્રહ્મા વિગેરે દેવતા ને પણ દુર્લભ, મર્યાદામાર્ગીય શ્રુતિથી પણ પ્રાપ્ત ન થાય તેવું ફલ પોતાના સેવકોને જ આપવાનું શું કારણ (બીજ) છે ?

<u>સમાધાન</u> :- બીજ, એ પ્રભુ, એ દયાળુ છે, **बीजं कारुणिकः प्रभुः** શબ્દ શ્રીગુંસાઇજી પ્રભુએ પ્રકટ કરેલ છે. જો બીજા ભગવન્માર્ગના આચાર્યોની જેમ પોતાના સેવકોને મુક્તિ જ આપે, તો શ્રીમહાપ્રભુજીએ સ્વયં પ્રકટ કરેલા શુદ્ધ પુષ્ટિમાર્ગના ફલના તેઓ અધિકારી ન રહેવાથી, શુદ્ધ પુષ્ટિમાર્ગના ન ગણાય. પોતાના બધા સેવકોને સર્વથી છૂટા પાડીને પોતે પ્રકટ કરેલા પુષ્ટિમાર્ગનું ફલ આપવાથી તેમને સર્વથી ઉત્તમ ફલ પ્રાપ્ત કરાવવાનું કારણ દયાળુંપણું જ છે, એમ જણાવા **बीजं कारुणिकः प्रभुः** દયાળું પ્રભુ બીજ (કારણ) છે એમ કહેલું છે.

<u>શંકા</u> :- તમારા કથનમાં મને એક શંકા થાય છે કે પુષ્ટિમાર્ગનું ફલ તો કોઇ જાણતું નથી. અને શ્રીઠાકોરજીએ પણ આ ફલને પોતાના અંતરંગ ભક્તોમાં જ પ્રકટ કર્યું છે. તો તેને આપવાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીમાં કેવી રીતે સંભવે ?

<u>સમાધાન</u> :- જરા, ફરી સમજો, કે શ્રીગુંસાઇજીએ શ્રીમહાપ્રભુજીને પ્રભુ કહ્યાં છે. આ પ્રભુ છે તેથી અત્યન્ત અસાધારણ સામથ્યવાળા છે. જે ફલ શ્રીઠાકોરજી દાન કરે તે જ ફલ શ્રીમહાપ્રભુજી પણ દાન કરે છે. ૫

તો આ પ્રકારે શ્રીસર્વોત્તમ સ્તોત્રનું બીજ વગેરેનું ઉપપાદન કરીને હવે આ સ્તોત્રનો વિનિયોગ કહે છે...

(...ક્રમશઃ)

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૫ વૈષ્ણવકો કર્તવ્ય.

અબ ઓરહુ શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે- પાંચમો લક્ષણ કહેત હે જો, વૈષ્ણવ હોય કે શ્રીભગવાનકો આશ્રય હિતકારી જાને, ઓર ભગવદ્‌સેવા વિષે એકાગ્ર અપને ચિત્તકો રાખે, પરમ ફલ રૂપ જાને. લૌકિક વૈદિકમેં મનકી ચંચલતા ન રાખે. શ્રીજીકો સ્વરૂપ શ્રીભાગવતમેં તથા પુષ્ટિમાર્ગીય ગ્રંથમેં લિખ્યો હે તિનકો દર્શન કરીકે હૃદયમેં ધ્યાન રાખે. જેસે ભગવદ્ નામ સ્મરણ કરે તેસે હી અપને ગુરુ કે નામકો હૃદયમેં સ્મરણ-જપ કરે. ઓર ભગવદ્ કટાક્ષ, શ્રીઅંગ, વસ્ત્ર, આભરણમેં અપનો મન લગાયકે ચિંતન કરે. ભગવદ્ નામ વિના જે છિન (ક્ષણ) જાય તો હૃદય ભીતરતે ઉદ્વશ્વાસ લે કે દુઃખ કરે, ઓર દેહમેં આસુરાવેશ હોય આવે તબ અપરસમેં સ્નાન કરી ચરણામૃત તથા શ્રીયમુનાજીકી રેણુ મુખમાં મેલિ દોઉ નેત્રનસો લગાવે, માથે ધરિ હૃદયસો લગાવે તો અલૌકિક દૃષ્ટિ હોય તબ ભગવદ્ ધર્મ હૃદયમેં આવે, માથે બિરાજે. શુદ્ધ હૃદયમેં શ્રીપ્રભુજી પધારે.

ભગવદ્ મંદિરમેં છોટી મોટી ભગવદ્ સેવા અપને ભાગ્ય માનીકે કરે. કાહુકી સેવામેં ઈર્ષા ન કરે. બુહારી કરીકે પોતના કરે. પાત્રાદિક માંજે ભયેમેં મંગલા ભોગ ધરે. સિજ્યા ફેરીકે બિછાવે-સમારે. મંગલા આરતિ કરી તિથિવાર ઉત્સવ દેખીકે અભ્યંગ કરાવે. અપને મનમેં અપરાધકો ભય રાખે. સેવા-શ્રૃંગાર વિષે ચિત્તકો ઉદ્વેગ સંકલ્પ-વિકલ્પ ન કરનો. અપનો ભાગ્ય મહાપ્રભુકી ક્રિપાતે દુર્લભ જાનિકે કરે. મંગલા-પલના-રાજભોગ-ઉત્થાપન-સંધ્યા-શયન કરાય સાંકળ-તારો વસ્તુ સામગ્રીકી સંકલ્પતા ચોક્સી રાખે. પાછે રાત્રકો વૈષ્ણવનસો મિલિકે ભગવદ્ વાર્તા કીર્તન અવશ્ય કરનો. કોઇ વૈષ્ણવ ન મિલે તો આપુહી પોથી ટીકા એતન્માર્ગીય ગ્રંથ દેખે. વૈષ્ણવ મંડલીમેં આપુ જાય કે વાર્તા કહે અથવા સુને. જેસે સેવામાં આળસ ન કરે તેસે વૈષ્ણવ મિલાપમેં આલસ જ કરે. દોઉ હોય તબ ભક્તિ બઢે ભગવદ્ સેવા ન બને તોઉ વૈષ્ણવ સંગ કરે. વૈષ્ણવ સંગ છોડે તો દૈન્યતા (કાંગાલપણું, બીકણપણું) હોય. વૈષ્ણવ સંગ ન છોડે તો દીનગા હોય. યા પ્રકાર શ્રીગોકુલનાથજી શ્રીમુખસો આજ્ઞા કરે. ઈતિ પાંચમો પ્રસંગ. ૫

।। ઈતિ શ્રીગોકુલનાથજી કૃત પાંચમો વચનામૃત સંપૂર્ણમ્ ।।

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

મોહનભાઇજી

...ગતાંકથી આગળ

।। પ્રસંગ ૩ ।।

એક વખત મોહનભાઈજી આગ્રાથી શ્રીગોકુલ ઘોડા ઉપર બેસીને આવતા હતાં. માર્ગમાં એક ફકીર હાત લાંબો કરી *કછુ દે દો બાબા* એક કહી સદા પોકાર કરતો હતો. પરંતુ મોહનભાઈજી તો શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદમાં જ એકમગ્ન બની ઘોડા ઉપર ચાલ્યા જતા હતા. કોઈ વ્યક્તિએ આ ફકીરને શીખવ્યું કે - *કછુ દે દો બાબા* ને બદલે *શ્રીગોકુલેશકે નામ પર કછુ દે દો* એમ બોલ તો મોહનભાઈજી જે જોઈએ તે તને આપશે. બીજા દિવસે મોહનભાઈજી આગ્રાથી શ્રીગોકુલ જવા નીકળ્યા ત્યારે આ ફકીરે મોટા અવાજે કહ્યું *શ્રીગોકુલેશકે નામ પર કછુ દે જાઓ*. પોતાના પ્રાણપ્રિયનું નામ સાંભળતાં જ મોહનભાઈજીએ તત્કાલ ઘોડાને ઊભો રાખ્યો અને પોતાના હાથ પરના સોનાનાં કડાં ઉતારી, શ્રીગોકુલેશપ્રભુનું સ્મરણ કરી અને શ્રીગોકુલેશ પ્રભુના નામ પર ન્યોછાવર કરવા મોહનભાઈજી સદા તત્પર રહેતા હતા. તેઓ શ્રીગોકુલેશના આવા સ્વરૂપાસક્ત અનન્ય ભગવદીય હતા.

।। પ્રસંગ ૪।।

શ્રીગોકુલેશપ્રભુના મહાઓચ્છવની પૂર્વ તૈયારી રૂપે મોહનભાઈજીએ કરેલી સેવાનું વર્ણન *છઠની રાતના ધોળ*માં સ્પષ્ટ જોઇ શકાય છે. વળી *રંગ રંગ ઓચ્છવ આજ* નામના ધોળમાં પણ મોહનભાઈજીની સેવાનું વર્ણન જોવા મળે છે, જેના કેટલાક અંશો નીચે મૂજબ છે

આગરામાં રહે મોહનભાઇ વલ્લભલાલ રંગ રંગ એ
તે તો શ્રીઅંગના સુખદાઇ વલ્લભલાલ...૫
જીવે મહાઉત્સવના દિન રહ્યા થોડા ...૬
ભાઈઘડે થયા અસવાર ...
આગળ દોડે નેકિ છડિદાર ... ૭
સંધ્યા સમયે શ્રીગોકુલ આવ્યા ...

સાથે રાજસી ભગવદી લાવ્યા ... ૮
નિકટ આવી દંડવત્ કર્યા ...
શ્રીહસ્ત મસ્તકે ધર્યા ... ૧૯
તુમારે દુઃખે હમારે દુઃખ ...
તુમારે સુખે હમારે સુખ ...૨૪
તુમારે રસ હમારે રસ...
તુમારે અનરસે હમારે અનરસ ... ૨૫
કેશર શ્રીહસ્તે મસ્તક ઢોળે ...
ભાઈજી તે સરવે અંગે ચોળે ... ૧૦૭

પોતાના મનમાં જે જે મનોરથ ઉદ્ભવતા તે સર્વ મોહનભાઈજી શ્રીગોકુલેશ પ્રભુ સન્મુખ નિવેદન કરતા. શ્રીદાદાજી પણ શ્રીમુખે અનુમોદન કરતા અને આજ્ઞા આપતા. મોહનભાઈજી દીનતાપૂર્વક જે કંઈ પૂછતા તે સર્વ કંઈ શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુની પ્રસન્નતાથી ઉત્તર આપતા. સેવક-સ્વામીના પરસ્પર રસની વાતો તો અનુભવી જ જાણે. આ પ્રમાણે ભગવદ્રસની તૃષાને તૃપ્ત કરી, શ્રીગોકુલેશપ્રભુની આજ્ઞા થતાં ઘેર આવતા. દામોદરદાસ સાથે એકાંતમાં બેસી ભગવદ્ વાર્તા કરતા અને ભગવદ્ભાવમાં સદા મગ્ન રહેતા હતા.

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઈલાલભાઈ શેઠ.
સંકલન ઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોલ પદ

સજની તે સાંભળોને વાતરે

સજની તે સાંભળોને વાતરે, હૈયડલે હરખ ન માયરે. ૧
કુંવર શ્રીવિઠ્ઠલજીનો વહાલો આવેરે, જેહને વેદ નિરંતર ગાવેરે. ૨
એ પ્રભુ આપણને જાણેરે, મનમાંહે મોટાઈ નવ આણેરે. ૩
પધાર્યા પોતાના વાહાલો જાણીરે, આરત વ્રજજનની હરાણીરે. ૪
જુઓ જુઓ રે જુઓ ગોકુલ કેરો નાથરે, વળી વળી આપણો સૌ સાથરે. ૫
પ્રગટ થઈ થઈ એમ દેખાડેરે, રમત નિત્ય નવી વહાલો માંડેરે. ૬

વ્રજનું તે જીવન મહારો વહાલોરે, મીટડી તે ભરી ભરી નીહાળોરે. ૭
અધરની ઉપમા તે શી દીજેરે, જીરે હવે મનગમતાં શાં કીજેરે. ૮
સન્યાએ બેઠા લૈ વહાલો પાનરે, આપે વહાલો વિધવિધનાં બહુ દાનરે. ૯
વેણ વછુટી ને લર લટકે રે, કાને તે કુંડલ અતિ ઝળકેરે. ૧૦
આપણું શું સાધન નહીં કાંઈરે, આ સુખ કહ્યાં તે નવ જાયરે. ૧૧
આપણું જીવન એ વિશ્રામરે, બલ જાઉ નિત્ય નિત્ય કીજે આમરે. ૧૨
જેહ છે પોતાનો પરિવાર રે, તેહના તમો છો આધાર રે. ૧૩
તમને શ્રીપારવતીપતિ કહિયે રે, તો શ્રીગોકુલ માંહે રહિયે રે. ૧૪
તમો રહ્યાનું જો વ્હાલા સાચું રે, તો અમો બીજે નવ રાચું રે. ૧૫
ચરણેથી ચિત્ત અલગું નવ થાય રે. દિવસ નિશાએ એવી રીતે જાય રે. ૧૬
બડીવાર થઈ વ્હાલાજી પોઢો રે, પ્રીતે પછેવડી વહાલા ઓઢાં રે. ૧૭
બીજી તે સામગ્રી ત્યાં બહુંએ રે, તેહેનો કહેતાં પાર ન લહું એ રે. ૧૮
ભક્તની પહોંચાડી વહાલે આશ રે, બલિહારી જાય માધવદાસ રે. ૧૯

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિચાર કરવો જોઇએ !

સેવોપદેશક - ગુરુ

આ માર્ગ, પરન્તુ, બધાને ફલદાયક નિવડે તેવો અધિકાર દરેકનો હોતો નથી. તે તો ભગવાનની કૃપા જેઓના ઉપર વરસી હોય તેઓને જ હોય છે. કોઈકના ઉપર ભગવાનની કૃપા છે કે નહીં, તેની ખાતરી તે વ્યક્તિને કૃપાયૈકલભ્ય ભક્તિમાર્ગ કે પ્રપત્તિમાર્ગમાં રૂચિ છે કે નહીં તેના આધારે કરવી જોઈએ.

જેઓના ઉપર ભગવત્કૃપા વરસી હોય તેઓને માટે શરૂઆતથી જ કયા સાધનો છે તેનું નિરૂપણ કરવામાં આવે છે-

कृष्णसेवा परं वीक्ष्य दम्भादिरहितं नरम् ।।

श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात् ।।

(त.दी.नि.२/२२७)

કોઈક પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહીં, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહીં; તેમજ શ્રીમદ્ભાગવત પુરાણના મર્મનો જાણકાર છે કે નહીં આટલી વાતો સરખી રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઈએ. ત.દી.નિ ૨.૨૨૭

જે પુરુષે આ માર્ગમાં ગુરુ તરીકે ભગવત્સેવાનો ઉપદેશ આપવાનો છે તે પોતે ભગવત્સેવાને ઉત્તમ ગણતો હોય તો શા માટે પોતે પણ ભગવત્સેવામાં તત્પર ન થાય? તેથી ગુરુ કૃષ્ણસેવામાં તત્પર તો હોવો જ જોઈએ. તે કૃષ્ણસેવા ભક્તિભાવ સિવાય બીજા કોઈ પણ હેતુ (દંભ-કામ-લોભ-પ્રતિષ્ઠા)થી પ્રેરિત ન હોવી જોઈએ. તેથી ગુરુ થવા જનાર પુરુષમાં દમ્ભાદિ ગુણો ન હોવા જોઈએ. આ ભગવત્સેવા પણ જો યથોપદિષ્ટ હોય તો જ સફલ થાય છે. નહીં તો બુદ્ધિ કે હૃદયમાં કોઈક ભળતા જ વિચારો કે ભાવો રાખીને જો સેવા કરવામાં આવતી હોય તો તેવી સેવા સફલ થતી નથી. તેથી ગુરુનું શ્રીમદ્ભાગવત તત્ત્વજ્ઞ હોવું પણ જરૂરી છે. એવા ગુરુને શોધનારો પણ પાછો જિજ્ઞાસું હોવો જોઈએ. ફક્ત કૌતુક કે તેવા બીજા ભાવો રાખીને નવું નવું કાંઈક અજમાવી લેવાની મનોવૃત્તિવાલો ન હોવો જોઈએ. તે પછી ગુરુએ ઉપદેશેલ પ્રકારે સર્વભાવથી ભગવત્સેવા કરવી જોઈએ. આ જ ભજન કરવાની સાચી રીતિ છે. ત.દી.નિ. પ્રકાશ ૨.૨૨૭

મૂલ કારિકામાં **વીક્ષ્ય** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેથી બીજા માર્ગ કરતાં આ માર્ગની વિલક્ષણતા સમજાવવા માગે છે. **ઈક્ષ** નો અર્થ છે *જેવું અંકિત કરવું*, તેની સાથે વિ ઉપસર્ગ જોડીને શ્રીમહાપ્રભુજી, ગુરુની પરીક્ષા સરખી રીતે કરવી તેવું સૂચન કરવા માગે છે. જેમ તન્ત્રશાસ્ત્રમાં કહેવાયું છે કે ગુરુએ શિષ્યની પરીક્ષા કરવી જોઈએ, તેમ આ માર્ગમાં (પુષ્ટિમાર્ગમાં) શિષ્યે ગુરુની પરીક્ષા કરવી જોઈએ તેવો નિયમ છે. નહીં તો જે પુરુષમાં ઉપર જણાવેલ લક્ષણો ન મળતા હોય તેને ગાડરિયા પ્રવાહમાં તણાતો ઢોર જેવો ગણવો જોઈએ. એવાનું અનુકરણ કરવાથી એક આંધળો બીજા આંધળાને અનુસરે અને જ્યારે એક પડે ત્યારે બીજો પણ પડી જાય! એવી કફોડી પરિસ્થિતિ સર્જાયા વિના નહીં રહે. શ્રીમહાપ્રભુજીએ જલભેદ ગ્રંથ પણ ગુરુની પરીક્ષા કયા આધારે કરવી તે સમજાવવા જ પ્રકટ કર્યો છે...આવી બધી વાતોની કાળજી રાખ્યા વિના બ્રહ્મસમ્બન્ધદીક્ષા

સફળ થતી નથી. આમ બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવા માટે કોણ અધિકારી હોઇ શકે છે તે જણાવીને કોની પાસે બ્રહ્મસમ્બન્ધદીક્ષા ન લેવી તે પણ શ્રીમહાપ્રભુજીએ સમજાવી દીધું.

ત.દી.નિ. પ્રકાશ.આવરણભંગ ૨.૨૨૭

નોંધઃ- આ પંક્તિઓ શ્રીમહાપ્રભુ વિરચિત તત્વાર્થદિપ નિબંધ ગ્રંથમાં સર્વનિર્ણય પ્રઢરણમાં ૨૨૭માં શ્લોકનો છે. જેનો શ્રીમહાપ્રભુજી સ્વયં પ્રકાશ નામક ટીકા લખે છે, જેથી મૂલ પંક્તિ સરલતાથી સમજાય. અને આ મૂલ કારિકા અને પ્રકાશ નામક ટીકા ઉપર શ્રીપુરુષોત્તમજી ની આવરણભંગ નામક ટીકા છે.

ભગવત્માહાત્મ્યજ્ઞાન મેળવવા માટે ભગવદ્ગુણો અને ભગવલ્લીલાઓનું શ્રવણ આવશ્યક છે. શાસ્ત્રોની ઉપયોગીતા પણ અહીંજ ઊભી થાય છે. તેથી કૃષ્ણસેવામાં તત્પર, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત; તેમજ શ્રીમદ્ભાગવતના મર્મજ્ઞ હોવાના રૂપમાં સરખી રીતે જોઇ-જાણીને જિજ્ઞાસુએ કોઇક પુરુષને આદરસહિત ગુરુ બનાવીને ભજનમાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. જેઓ પોતાના દેહની હોડકલીથી ભવસાગરને પાર કરવા માગતાં હોય તેઓના કર્ણધાર બનીને ગુરુએ પોતાના સદુપદેશથી તેમને પાર લગાડવા જોઇએ. (સાધન દીપિકા. ૯ થી ૧૧)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।
શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ
ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

...ગતાંકથી આગળ

નોંધ: - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય

નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઇએ ત્યારે કોઇ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

ચરણસ્પર્શ કરવાની રીત જાણતા ન હોઇએ તો શ્રીબેઠકજીના મુખીયાજીને વિનંતી કરી જાણી લેવી પરંતુ મનકલ્પિત પ્રકારે તથા શ્રીપ્રભુને શ્રમ પડે તે પ્રકારે શ્રીચરણસ્પર્શ કદી કરવાં નહીં.

હાથમાં સુગંધી લગાવીને તથા શીતકાલ હોય તો હાથ શેકીને, અતિ કોમળ હાથે શ્રીપ્રભુના શ્રીચરણસ્પર્શ કરવાં. શ્રીપ્રભુની શ્રીચરણરજ આપણા બન્ને નેત્રો, હૃદય અને મસ્તકે લગાડવી. ત્યારબાદ દંડવત્ પ્રણામ કરવાં.

આપણા પ્રાણપ્રિય સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણને તિલક-આરતી કરવા ઇચ્છા રાખનાર વૈષ્ણવે અગાઉથી મંદિરના કાર્યાલયમાં જાણ કરવી અને આજ્ઞાનુસાર નિશ્ચિત દિવસે અને સમયે શ્રીબેઠકજીમાં ઉપસ્થિત રહેવું. શ્રીગુરુદેવની કૃપાથી અને મુખીયાજીના માર્ગદર્શન નીચે તિલક-આરતીનું અલૌકિક સુખ લેવું.

શ્રીગોકુલમાં આવેલા અન્ય શ્રીબેઠકજીઓમાં કરેલી અપરસ અહીં સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણની શ્રીબેઠકજીમાં ચાલતી નથી તેની ખાસ નોંધ લેવી.

કેવળ શ્રીગોકુલમાં જ રહેનાર શ્રીચતુર્થગૃહના સેવકો શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શનો નિત્ય લાભ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ શ્રીગોકુલ છોડી બહાર જઇ ખાનપાન-જલપાન કરનાર વૈષ્ણવે શ્રીચરણસ્પર્શ કરવા માટે ફરીથી વ્રત કરવું પડે છે.

સ્થાનિક વ્રજજનો તથા યાત્રિકો મંદિરમાં દર્શનાર્થે નિત્ય આવતા હોય છે આથી અપરસ કર્યા પછી મંદિરમાં ક્યાંય દોડાદોડ કરવી નહીં. પરંતુ શાંતિથી એક જગ્યાએ બેસવું અને અપરસ છોવાઇ ન જાય તેની કાળજી રાખવી.

વૈષ્ણવ ભાઇઓએ કચ્છ (કાછડી) મારીને પહેરેલું ધોતિયું અને બહેનોએ કટિથી નીચે પહેરેલું વસ્ત્ર એકવાર અપરસ કર્યા પછી અવશ્ય પલાળવું.

શ્રીબેઠકજીમાંથી બહાર જતી વેળા પીઠ દઇને કદી જવું નહીં પરંતુ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા પછી જ બહાર જવું.

આ આપણો અલૌકિક લ્હાવો છે. અને જ્યારે પણ આપણે હવેથી શ્રીમદ્ ગોકુલ અલૌકિક ધામ જઇએ, પોતાના શ્રીગુરુદ્વાર શ્રીસર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણના

દર્શને જઈએ, ત્યારે આ નિયમોને અવશ્ય ધ્યાનમાં રાખીને આ અલૌકિક પ્રબંધને કાયમ રાખવા પ્રતિજ્ઞા લઈએ, અને આપણા શ્રીદાદાજીને શ્રમ ન થાય, તેનું ખાસ ધ્યાન દઈએ. આપણી માટે આ અલૌકિક દ્વારના દર્શન કરવા એજ આપણું અહોભાગ્ય છે. સૌ પ્રતિજ્ઞા કરીએ, કે હવે જ્યારે આપણે શ્રીમદ્ ગોકુલ આવીએ ત્યારે આ નિયમો અવશ્ય પાળીશું.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

હું એ તમને પુછું રાણી રુક્મિણી, રંગ રોળ્યા રે,
તમે વલ્લભરાય જાયા, મનોરથ પૂર્યા રે. ૧
પાલક પાગ દૈ જાઈયા, રંગ રોળ્યા રે,
નીલછડી, નાર વધેર્યા, મનોરથ પૂર્યા રે. ૨
જલ સાથે કેશરે ન્હવરાવીયા, રંગ રોળ્યા રે,
ચોખા સાથે મોતીડે વધાવીયા, મનોરથ પૂર્યા રે. ૩
રતન પલંગડી પોઢાડીયા, રંગ રોળ્યા રે,
જાદર ચીર ઓછાડ્યાં, મનોરથ પૂર્યા રે. ૪
કંકુના છડા દેવરાવીયા, રંગ રોળ્યા રે,
મોતીના ચોક પુરાવીયા, મનોરથ પૂર્યા રે. ૫
મંડપ છાયો મોતરે, રંગ રોળ્યા રે,
ફુલડે છાઈ છે વાટ, મનોરથ પૂર્યા રે. ૬
કદલીના ખંભ રોપાવીયા, રંગ રોળ્યા રે,
તોરણ બાંધ્યા દ્વાર, મનોરથ પૂર્યા રે. ૭
શેરીએ કાચ ઢળાવીયા, રંગ રોળ્યા રે,
અગર ઉખેવ્યા અપાર, મનોરથ પૂર્યા રે. ૮

આવો મલોરે સુહાસણી, રંગ રોળ્યા રે,
મલીને મંગલ ગાવો, મનોરથ પૂર્યા રે. ૯
કૃષ્ણાદાસીએ નામ જ પાડીયા, રંગ રોળ્યા રે,
શ્રીગોકુલેશ કહીને બોલાવ્યા, મનોરથ પૂર્યા રે. ૧૦
શોભાજીયે, નામ જે ધરાવીયું, રંગ રોળ્યા રે,
આયો આયો રે ગોકુલકેરો રાય, મનોરથ પૂર્યા રે. ૧૧
શ્રીગુંસાઇજીએ પ્રાકટ્ય જાણીયું, રંગ રોળ્યા રે,
શ્રીવલ્લભ કહીને બોલાવ્યા, મનોરથ પૂર્યા રે. ૧૨
જગત પુરુષોત્તમ પ્રગટીયા, રંગ રોળ્યા રે,
પૂર્યા મારા મનડાના કોડ, મનોરથ પૂર્યા રે. ૧૩

કવિત્ત

સાધનકી સાધના આરાધના અન્યહુકી,
પરમ પવિત્રતા કો બલ ના વિશેષકે;
ગુનકો ન જ્ઞાનકો ન આન સન્માનકો,
ન લીલા અવગાહનકો ભરોંસો એક લેશકે;
કાહુકો ન ત્રાસહૈ ન આશ કાહુ ઔરનકી,
સંસ્કારકે બલના ભરોસેં બેસકે;
મહદ્ કૃપાકે બલ ડર નહીં એક પલ,
નીડર રહત હૈ ભરોસેં ગોકુલેશકે. ૪

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથકી જય